| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ | :– | ૨૬/૦૬/૨૦૨૪ |
| દાખલ કર્યા તારીખ | :– | ૨૬/૦૬/૨૦૨૪ |
| ફેસલ કર્યા તારીખ | :– | ૦૨/૦૫/૨૦૨૬ |
| સમયગાળો | :– | વર્ષ/ માસ/ દિવસ |
| | | ૧ / ૧૦ / ૦૬ |

***મહે. પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ. કોટડા સાંગાણી.***

**રેગ્યુલર દિવાની મુકદ્દમાં નંબર : ૩૮/૨૦૨૪.**

**આંક : ૪૭**

**મે.વિશાલ બેરીંગ્સ લી.**
**થ્રુ. ડીરેકટરશ્રી દિવ્યેશભાઈ હીરાભાઈ ચાંગેલા,**
ઉ.વ.૪૮, ધંધો–વેપાર,
ઠે.સર્વે નં.૨૨/૧, પ્લોટ નં.૧,૨,૩,શાપર રોડ,
શાપર(વે.)–૩૬૦ ૦૨૪, તા. : કોટડા સાંગાણી, જિ. : રાજકોટ. ::::: **વાદી.**

**–:: વિ રૂ ધ્ધ ::–**

**પ્રતિકભાઈ બીપીનભાઈ શાહ**
ઉ.વ.આ.૪૫, ધંધો:–વેપાર,
રે.કે–૧૩, બાલાજી એવન્યુ, ચાર રસ્તાની પાસે,
વસ્ત્રાપુર, અમદાવાદ–૩૮૦ ૦૧૫. :::::: **પ્રતિવાદી.**

*દાવો:– રકમ ખોટી અને ગેરકાયદેસર રીતે પચાવી પાડેલ હોય તે પરત મેળવવા અંગેનો દાવો..*

---

*વાદી તરફે :– વિ.વ.શ્રી આર.એ.શુકલ.*
*પ્રતિવાદી તરફે :– એકતરફી.*

---

**–:(( ઠરાવ )):–**

**૧..** વાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી મેં વિશાલ બેરીંગ્સ લી.ના નામથી ચાલતી લીમીટેડ કંપની છે દાવામાં મથાળામાં જણાવેલ સરનામે શાપર વેરાવળ મુકામે પોતાનો ધંધો કરે છે દીલીપભાઈ ગોરધનભાઈ ચાંગેલા, શ્રી દિવ્યેશભાઈ હીરાભાઈ ચાંગેલા તથા વીજયભાઈ વૃજલાલ ચાંગેલા વાદી કંપનીના મેનેજીંગ ડીરેકટર્સ છે તે પૈકી એક મેનેજીંગ ડીરેકટર શ્રી દિવ્યેશભાઈ હીરાભાઈ ચાંગેલાને અન્ય ડીરેકટર્સ દ્વારા પ્રતિવાદી સામે કાનુની કાર્યવાહી કરવા

માટે ઓથોરીટી લેટર આપવામાં આવેલ છે. શ્રી દિવ્યેશભાઈ હીરાભાઈ ચાંગેલા પ્રતિવાદી સાથેના તમામ વ્યવહારથી વાકેફ અને માહીતીગાર છે.

વાદી કંપની પાસે નીચે મુજબની વીગતે મોટરકાર આવેલી છે.

| ક્રમ | મોટરકારની કંપની | મોટર કાર નંબર | ઈન્સ્યોરન્સ કંપની |
|---|---|---|---|
| 1 | BMW-3 | GJ-03-JC-7565 | BAJAJ ALLIANS GENERAL INSURANCE CO. LTD. |
| 2 | TOYOTA INNOVA CRYSTA | GJ-03-KC-9030 | FUTURE GENERAL INSURANCE CO. |
| 3 | BMW-5 | GJ-03-ME-6575 | HDFC ERGO GENERAL INSURANCE CO.LTD. |
| 4 | BMW-5 | GJ-03-ME-7565 | HDFC ERGO GENERAL INSURANCE CO.LTD. |
| 5 | BMW-5 | GJ-03-ME-7566 | HDFC ERGO GENERAL INSURANCE CO.LTD. |
| 6 | BMW-5 | GJ-03-MH-7565 | HDFC ERGO GENERAL INSURANCE CO.LTD. |

વધુમા વાદી તેઓની દાવા અરજીમાં જણાવે છે કે, જે તે વખતે પ્રતિવાદી એ વાદીને જણાવેલ કે તેઓ ઈન્સ્યોરન્સ એજન્ટ છે અને વાદી પાસેથી રકમ મેળવી જે તે કંપની માં ઈન્સ્યોરન્સની રકમ જમા કરાવી વાદીને પોલીસી સોંપી આપશે.વાદી દ્રારા પ્રતિવાદી ને નીચે મુજબની વીગતે પોલીસીના પ્રીમીયમ અન્વયે રકમ ચુકવવા માટે આપવામાં આવેલી હતી.

| ક્રમ | તારીખ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧. | તા.૩૦/૦૧/૨૦૨૪ | ઉપરોકત પૈકી ક્રમ નં.૩ થી ૬ ચારેય BMW-5 મોટરકાર માટે | ૩,૧૪,૦૦૦/– |
| ૨. | તા.૦૪/૦૪/૨૦૨૩ | ઉપરોકત પૈકી ક્રમ નં.૧ BMW-3 મોટર કાર માટે | ૬૭,૦૦૦/– |
| ૩. | તા.૦૩/૦૧/૨૦૨૩ | ઉપરોકત પૈકી ક્રમ નં.૨ INNOVA મોટર કાર વર્ષ ૨૦૨૩–૨૪ માટે | ૩૨,૦૦૦/– |
| ૪. | તા.૦૨/૦૨/૨૦૨૨ | ઉપરોકત પૈકી ક્રમ નં.૨ INNOVA મોટર કાર વર્ષ ૨૦૨૨–૨૩ માટે | ૩૪,૦૦૦/– |
| | | | -------- |
| | | પોલીસીના પ્રીમીયમ માટે કુલ આપેલ રકમ | ૪,૪૭,૦૦૦/– |

વાદીની મોટરકાર BMW-3 GJ-03-JC-7565 માં ફ્રન્ટ ગ્લાસ ક્રેક થઈ ગયેલ હતો જેથી તેઓતે તા.૦૨/૧૧/૨૦૨૩ ના રોજ ગેલોપ્સ ઓટો હબ પ્રા.લી.માં સર્વિસ માટે મોટરકાર આપેલી હતી અને ઈન્સ્યોરન્સ માટે કલેઈમ કરેલ હતો. તા.૦૯/૧૧/૨૦૨૩ ના રોજ ગેલોપ્સ ઓટો હબ પ્રા.લી.માંથી પોલીસી વેલીડેટ નથી તેની જાણ કરવામાં આવેલી હતી જેથી વાદીએ પેઈડ સર્વિસ

કરાવેલ હતી. ગ્લાસ રીપ્લેસમેન્ટનું બીલ રૂા.૮૧,૯૪૬/– વાદીએ ચુકવી આપેલ હતું. આથી વાદી HDFC ERGO GENERAL INSURANCE CO.LTD. માં, BAJAJ ALLIANS GENERAL INSURANCE CO. LTD. તથા FUTURE GENERAL INSURANCE CO. માં તપાસ કરાવતા ઉપરોકત પેરા ૨ માં ક્રમ નં.૫ માં જણાવ્યા અનુસારની પોલીસી એકમાત્ર સાચી પોલીસી છે બાકી કોઈ પોલીસી પ્રતિવાદી દ્વારા લેવાયેલ જ નથી કે  પ્રીમીયમ ની કોઈ રકમ ભરાયેલ જ નથી. તમામ ખોટી પોલીસીઓ વાદીને પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલી. ઈન્સ્યુરન્સ કંપનીમાંથી આવી કોઈ પોલીસી ઈસ્યુ થયેલ જ નથી. વાદી પોતાની સાથે ભયંકર છેતરપીંડી થયેલ હોવાનું અનુભવવા લાગેલ છે. આમ, પ્રતિવાદી દ્વારા ક્રમ નં. ૫ ની પોલીસીની રકમ રૂા.૬૬,૮૦૮/–જ સાચી રીતે મેળવવામાં આવેલ છે. બાકીની રકમ તમામ રકમ રૂા.૩,૮૦,૧૯૨/– ખોટી રીતે વાદી પાસેથી મેળવી લીધેલા હોયને તે રકમ પ્રતિવાદી પરત ચુકવવા જવાબદાર થયેલા છે વળી પ્રતિવાદીના કસુરના કારણે વાદીને ગ્લાસ રીપ્લેસમેન્ટની રકમ રૂા.૮૧ ,૪૯૬/– ચુકવવી પડેલી હોયને પ્રતિવાદી કુલ રૂા.૪,૬૧,૬૮૮/– પરત ચુકવવાને જવાબદાર બનેલા હતાં. વાદીએ પ્રતિવાદીને વાત કરેલી અને રકમ પરત ચુકવી દેવા જણાવેલ. તો પ્રતિવાદી દ્વારા થોડી રકમ ઓછી કરી દેવા જણાવેલુ. છેવટ કુલ રૂા.૪,૫૦,૦૦૦/– માં વાદી અને પ્રતિવાદી વચ્ચે સમાધાન થયેલ અને પ્રતિવાદી એ કટકે કટકે ચેકથી વાદીને રકમ ચુકવી આપશે તેમ જણાવેલુ ત્યારબાદ પ્રતિવાદી તરફથી નીચે મુજબની વીગતેના ચેકો પોતાની બેંક એચ.ડી.એફ.સી. બેંક અમદાવાદ શાખાના ખાતા  નંબર ૫૦૧૦૦૫૧૯૪૫૪૫૯૩ માંથી વાદીને આપેલા અને આવા વચન અને વિશ્વાસ આપેલા કે ચેકની તારીખ પછી જયારે પણ વાદી પોતાની બેંકમાં રજુ કરશે ત્યારે તે સ્વીકારય જશે અને આ રીતે કટકે કટકે વાદીને રકમ મળી રહેશે. પ્રતિવાદીએ નીચે મુજબની વીગતે ચેકો લખી વાદીને મોકલી આપેલા.

| ક્રમ | તારીખ | ચેક નંબર | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧. | તા.૦૫/૧૨/૨૦૨૩ | ૦૦૦૦૭૬ | ૫૦,૦૦૦/– |
| ૨. | તા.૧૬/૧૨/૨૦૨૩ | ૦૦૦૦૬૫ | ૨૦,૦૦૦/– |
| ૩. | તા.૧૬/૦૧/૨૦૨૪ | ૦૦૦૦૬૬ | ૩૦,૦૦૦/– |
| ૪. | તા.૧૬/૦૨/૨૦૨૪ | ૦૦૦૦૬૭ | ૩૦,૦૦૦/– |
| ૫. | તા.૧૬/૦૪/૨૦૨૪ | ૦૦૦૦૬૯ | ૧,૦૦,૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| ૬. | તા.૧૬/૦૫/૨૦૨૪ | ૦૦૦૦૭૦ | ૧,૧૦,૦૦૦/– |
| ૭. | તા.૧૬/૦૬/૨૦૨૪ | ૦૦૦૦૭૧ | ૧,૧૦,૦૦૦/– |
| | | | ------------- |
| | | કુલ રકમ | ૪,૫૦,૦૦૦/– |

વધુમાં વાદી તેઓની દાવા અરજીમાં જણાવે છે કે પ્રતિવાદીએ આપેલા વચન અને વિશ્વાસના આધારે વાદીએ તમામ ચેકો તેઓની બેંક કોટક મહીન્દ્રા બેંક શાપર શાખામાં નાખતા સદરહું તમામ ચેકો FUNDS INSUFFICIENT ના રીટર્ન મેમા સાથે પરત ફરેલા આમ પ્રતિવાદી દ્રારા વાદી સાથે વારંવાર છેતરપીંડી અને વિશ્વાસઘાત કરવામાં આવેલ છે. વાદીએ પ્રતિવાદી સામે શાપર પોલીસ સ્ટેશનમાં તા.૧૭/૦૨/૨૦૨૪ ના રોજ પોતાની સાથે વીમા પોલીસી બાબતે છેતરપીંડી થયાની ફરીયાદ કરેલ છે આમ છતાં પ્રતિવાદીએ રકમ ચુકવેલ નથી. હવે વાદી એક સાથે તાત્લાકીક રીતે પુરેપુરી રકમ પરત મેળવી લેવા માંગે છે અને પ્રતિવાદી તે ચુકવી આપવાને બંધાયેલા છે પ્રતિવાદી દ્રારા કોઈ પોલીસી લેવાયલ જ નથી અને પ્રીમીયમ ની રકમના નામે વાદી પાસેથી મોટી રકમો મેળવી લેવામાં આવેલ છે જે પ્રતિવાદીનું કૃત્ય કાયદા વીરુધ્ધનું છે. પ્રતિવાદીએ ચેક આપીને લેણું કબુલ રાખેલ છે તમામ તેકો સ્વીકારાયા વીનાના પરત થયેલા છે વાદી એક સાથે પુરેપુરી રકમ પરત મેળવી લેવા માંગે છે પ્રતિવાદીએ આટલા સમય સુધી રકમ ઓળવી જવાનું કૃત્ય કરેલ છે નોટીસ આપ્યા બાદ રકમ ચુકવવાની કોઈ દરકાર કરેલ નથી. પ્રતિવાદી કાયદેસર રીતે ૧૮% ના ચડત વ્યાજ સાથે રકમ ચુકવી આપવાને જવાબદાર બનેલા છે. આ દાવાનું કારણ વાદી દ્રારા જુદી જુદી મોટરકારનું ઈન્સ્યોરન્સ પ્રીમીયમ ચુકવવા માટે પ્રતિવાદી ને રકમ ચુકવેલ હોય, જે પૈકી પ્રતિવાદી એ માત્ર એક જ મોટરકારનું પ્રીમીયમ ચુકવેલ હોય, બાકીની તમામ રકમ પોતે ઓળવી ગયેલા હોય, ચેક આપીને લેણું સ્વીકારેલ હોય, તમામ ચેકો સ્વીકારાયા વીનાના પરત ફરેલ હોય, નોટીસ આપવા છતાં પણ રકમ ચુકવેલ ન હોયને નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે અને દાવા કારણ પ્રતિવાદી સામે ચાલુ જ છે. વાદીના ધંધાનું સ્થળ શાપર વેરાવળ મુકામે છે પ્રતિવાદીને શાપર વેરાવળથી રકમો ચુકવેલ હતી. પ્રતિવાદીએ ખોટી રીતે મેળવેલ રકમ શાપર વેરાવળ રકમ પરત કરવાની છે, જેથી સબબ દાંદ માંગેલ છે કે, પ્રતિવાદીએ વાદી પાસેથી ઈન્સ્યોરન્સ પોલીસીના નામે ખોટી રીતે મેળવેલ રકમ રૂા.૩,૮૦,૧૯૨/– તથા ગ્લાસ રીપ્લેસમેન્ટની રકમ રૂા.૮૧,૪૯૬/– મળી કુલ રકમ રૂા.૪,૬૧

,૬૮૮/– (અંકે રૂપિયા ચાર લાખ એકસઠ હજાર છસ્સો અઠયાસી પુરા) પ્રતિવાદી જ્યાં સુધી ચુકવી ન આપે ત્યાં સુધી ૧૮% ના ચડત વ્યાજ સાથે ચુકવી આપે તેવો પ્રતિવાદીની જાત તેમજ હરેક પ્રકારની માલ મીલ્કત પરથી વસુલ અપાવવાનો હુકમ ફરમાવવા નમ્ર અરજ કરેલ છે. તેમજ નોટીસ ખર્ચના રૂા.૪,૫૦૦/– પ્રતિવાદી અલગથી ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા નમ્ર અરજ કરેલ છે તથા આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવવાનો હુકમ ફરમાવવા નમ્ર અરજ કરેલ છે. તથા આ દાવાને આધારે અપાવી શકાતી હરકોઈ ન્યાયી દાદ તમામ ખર્ચ સાથે વાદીની તરફેણમાં ફરમાવવા નમ્ર અરજ કરેલ છે.

**૨..** સદર દાવાના કામે પ્રતિવાદીને આંક–૦૬ થી સમન્સ/ જાહેર નોટીસ કરતા જે તેઓને બજી ગયેલ હોવા છતા આ કામે પ્રતિવાદી જાતે કે તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા ન હોય કે કોઈ રીપોર્ટ રજુ રાખેલ ન હોય તે સંજોગોમાં વાદીની આંક–૦૮ ની અરજી અન્વયે અત્રેની નામદાર કોર્ટ દવારા દવારા આંક–૦૮ લગત હુકમ તારીખ : ૦૩/૧૦/૨૦૨૫ ના રોજ કરી હાલનો દાવો પ્રતિવાદીની ગેરહાજરીમાં એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૩..** સદર કામે વાદી તરફથી નીચે મુજબનાં મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**–: <u>વાદીનો પુરાવો</u> :–**

| ક્રમ | મૌખિક પુરાવો | આંક |
|---|---|---|
| ૦૧. | વાદી દિવ્યેશભાઈ હીરાભાઈ ચાંગેલાનું પુરાવાનું સોગંદનામું. | ૧૦ |

| ક્રમ | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૦૧ | સંમતિથી કાનુની કાર્યવાહી કરવા અંગેના ઠરાવ અસલ. | ૧૨ |
| ૦૨. | વાદીનું બેંક સ્ટેટમેન્ટ અસલ. | ૧૩ |
| ૦૩. | વાદીનું બેંક સ્ટેટમેન્ટ અસલ. | ૧૪ |
| ૦૪. | વાદીનું બેંક સ્ટેટમેન્ટ અસલ. | ૧૫ |
| ૦૫. | વાદીનું બેંક સ્ટેટમેન્ટ અસલ. | ૧૬ |
| ૦૬. | પોલીસી એકટીવ ન હોવા અંગે કંપનીનો પત્ર અસલ. | ૧૭ |

| | | |
|---|---|---|
| ૦૭. | વાદીનું બેંક સ્ટેટમેન્ટ અસલ. | ૧૮ |
| ૦૮. | ચેક નં.૦૦૦૦૭૬, તા.૦૫/૧૨/૨૦૨૩ નો અસલ. | ૧૯ |
| ૦૯. | ચેક રીટર્ન મેમો અસલ. | ૨૦ |
| ૧૦. | ચેક નં.૦૦૦૦૬૫, તા.૧૬/૧૨/૨૦૨૩ નો અસલ. | ૨૧ |
| ૧૧. | ચેક રીટર્ન મેમો અસલ. | ૨૨ |
| ૧૨. | ચેક નં.૦૦૦૦૬૬, તા.૧૬/૦૧/૨૦૨૪ નો અસલ. | ૨૩ |
| ૧૩. | ચેક રીટર્ન મેમો અસલ. | ૨૪ |
| ૧૪. | ચેક નં.૦૦૦૦૬૭, તા.૧૬/૦૨/૨૦૨૪ નો અસલ. | ૨૫ |
| ૧૫. | ચેક રીટર્ન મેમો અસલ. | ૨૬ |
| ૧૬. | ચેક નં.૦૦૦૦૬૯, તા.૧૬/૦૪/૨૦૨૪ નો અસલ. | ૨૭ |
| ૧૭. | ચેક રીટર્ન મેમો અસલ. | ૨૮ |
| ૧૮. | ચેક નં.૦૦૦૦૭૦, તા.૧૬/૦૫/૨૦૨૪ નો અસલ. | ૨૯ |
| ૧૯. | ચેક રીટર્ન મેમો અસલ. | ૩૦ |
| ૨૦. | ચેક નં.૦૦૦૦૭૧, તા.૧૬/૦૬/૨૦૨૪ નો અસલ. | ૩૧ |
| ૨૧. | ચેક રીટર્ન મેમો અસલ. | ૩૨ |
| ૨૨. | નોટીસ રજી.એડી.કર્યાની પહોંચ અસલ. | ૩૩ |
| ૨૩. | પોસ્ટ ઓફીસની વેબસાઈટ પરથી મેળવેલ સ્ટેટસની વેબ કોપી. | ૩૪ |
| ૨૪. | વાદી કંપનીને મીનીસ્ટ્રી કોફ કોર્પોરેટ અફેર્સ દ્રારા આપવામાં આવેલ સર્ટીફીકેટની ખરી નકલ. | ૩૫ |
| ૨૫. | વાદી કંપની કંપની  રજીસ્ટ્રાર પાસે રજીસ્ટર્ડ થયાનું પ્રમાણપત્રની ખરી નકલ. | ૩૬ |
| ૨૬. | પ્રથમ મોટરકારની આર.સી.બુકની ખરી નકલ. | ૩૭ |
| ૨૭. | બીજી મોટરકારની આર.સી.બુકની ખરી નકલ. | ૩૮ |
| ૨૮. | ત્રીજી મોટરકારની આર.સી.બુકની ખરી નકલ. | ૩૯ |
| ૨૯. | ચોથી મોટરકારની આર.સી.બુકની ખરી નકલ. | ૪૦ |
| ૩૦. | પાંચમી મોટરકારની આર.સી.બુકની ખરી નકલ. | ૪૧ |
| ૩૧. | છઠ્ઠી મોટરકારની આર.સી.બુકની ખરી નકલ. | ૪૨ |

| | | |
|---|---|---|
| ૩૨. | મોટરકારનું રીપેરીંગનું ઈન્વોઈસની મેઈલ કોપી. | ૪૩ |
| ૩૩. | પોલીસી અંગે ઈન્સ્યોરન્સ કંપનીનો મેઈલ કોપી. | ૪૪ |
| ૩૪. | લીગલ નોટીસની ઓ.સી. | ૪૫ |

વાદીનો ઉપર મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ વાદીએ આંક–૪૬ થી પુરાવો પુરો કર્યાની પુરસીસ રજુ કરેલ છે.

૪.. ઉપરોકત કેસની હકીકત સંદર્ભે અત્રેની અદાલતે **આંક–૦૯** થી નીચે મુજબનાં દાવાનાં આખરી નિર્ણય માટે **સી.પી.સી. ઓર્ડર–૧૪, રૂલ–૧,૨** મુજબ મુદ્દાઓ ઘડેલ છે :–

**–:: <u>મુદ્દાઓ</u> ::–**

(૧) શું વાદી સાબિત કરે છે કે, તેની સાથે પ્રતિવાદી દ્રારા છેતરપીંડી કરી ખોટી રીતે વીમા પોલીસીના પ્રીમીયમ પેટે કુલ રકમ રૂા.૩,૮૦,૧૯૨/– મેળવેલ છે?

(૨) શું વાદી સાબીત કરે છે કે,પોતાની કંપનીની કાર નંબર જી.જે.–૦૩–જે.સી.૭૬૬૫ માં થયેલ નુકશાન ગ્લાસ રીપ્લેસમેન્ટની રકમ ૮૧,૪૯૬/– પ્રતિવાદી પાસેથી વ્યાજ અને ખર્ચ સહિત વસુલવાને હકકદાર છે?

(૩) શું વાદી સાબિત કરે છે કે, તેની અને પ્રતિવાદી વચ્ચે મુદ્દા નં.૧ તથા ૨ ની લેણી રકમ બાબતે કુલ રૂા.૪,૫૦,૦૦૦/– માં સમાધાન થયેલ હતું અને તે સમાધાન પેટે પ્રતિવાદી દ્રારા આપવામાં આવેલ એચડીએફસી બેંક અમદાવાદ શાખાના ચેક નં.૦૦૦૦૭૬,૦૦૦૦૬૫,૦૦૦૦૬૬, ૦૦૦૦૬૯, ૦૦૦૦૭૦,૦૦૦૦૭૧ અપુરુતા ભંડોળના લીધે પરત ફરેલ હતા?

(૪) શું વાદી સાબિત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી કુલ રૂા.૪,૬૧ ,૬૮૮/– વ્યાજ અને ખર્ચ સહિત વસુલવા હકકદાર છે?

(૫) શું હુકમ અને શું હુકમનામું ?

(૫).. ઉપરોકત મુદ્ધા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

*(૧)* *હકારમાં.*

*(૨)* *અંશત: હકારમાં (વાર્ષીક ૬% લેખે)*

*(૩)* *હકારમાં.*

*(૪)* *અંશત: હકારમાં (વાર્ષીક ૬% લેખે)*

*(૫)* *આખરી હુકમ મુજબ.*

–:: <u>કારણો</u> ::–

➢ ***<u>મુદ્દા નં. (૧) થી મુદ્દા નં.(૫) ની સંયુકત ચર્ચા</u>*** :–

(૬)... મુદ્દા નં. (૧) થી (૫) ની સંયુકત ચર્ચા કરવામાં આવે તો આ કામે વાદી જયારે પોતાનો કેસ લઈને આવેલ છે ત્યારે દાવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી તેઓના શીરે થઈ પડે છે. દાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો, આ કામે વાદીએ આંક–૧૦ થી પોતાનું સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે જેમાં તેઓએ આંક–૦૧ લગતની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. વાદીએ પોતાના દાવામાં તથા સોગંદનામામા જણાવેલ હકીકત મુજબ તેઓનું લેણુ પ્રતિવાદી તરફે છે કે નહી તે અંગે ચર્ચા કરીએ તો, વાદી મેં વિશાલ બેરીંગ્સ લી.ના નામથી ચાલતી લીમીટેડ કંપની છે દાવામાં મથાળામાં જણાવેલ સરનામે શાપર વેરાવળ મુકામે પોતાનો ધંધો કરે છે દીલીપભાઈ ગોરધનભાઈ ચાંગેલા, શ્રી દિવ્યેશભાઈ હીરાભાઈ ચાંગેલા તથા વીજયભાઈ વૃજલાલ ચાંગેલા વાદી કંપનીના મેનેજીંગ ડીરેકટર્સ છે તે પૈકી એક મેનેજીંગ ડીરેકટર શ્રી દિવ્યેશભાઈ હીરાભાઈ ચાંગેલાને અન્ય ડીરેકટર્સ દ્રારા પ્રતિવાદી સામે કાનુની કાર્યવાહી કરવા માટે ઓથોરીટી લેટર આપવામાં આવેલ છે.સદરહું કાનુની કાર્યવાહી કરવા માટે આપેલ ઠરાવ આ સાથે અલગ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી આંક–૧૨ થી રજુ રાખેલ છે શ્રી દિવ્યેશભાઈ હીરાભાઈ ચાંગેલા પ્રતિવાદી સાથેના તમામ વ્યવહારથી વાકેફ અને માહીતીગાર છે.જે તે વખતે પ્રતિવાદીએ વાદીને જણાવેલ કે તેઓ ઈન્સ્યોરન્સ એજન્ટ છે અને વાદી પાસેથી રકમ મેળવી જે તે કંપનીમાં ઈન્સ્યોરન્સની રકમ જમા કરાવી વાદીને પોલીસી સોંપી આપશે.વાદીની મોટરકાર BMW-3 GJ-03-JC-7565 માં ફ્રન્ટ ગ્લાસ ક્રેક થઈ ગયેલ હતો જેથી

તેઓતે તા.૦૨/૧૧/૨૦૨૩ ના રોજ ગેલોપ્સ ઓટો હબ પ્રા.લી.માં સર્વિસ માટે મોટરકાર આપેલી હતી અને ઈન્સ્યોરન્સ માટે કલેઈમ કરેલ હતો. તા.૦૯/૧૧/૨૦૨૩ ના રોજ ગેલોપ્સ ઓટો હબ પ્રા.લી.માંથી પોલીસી વેલીડેટ નથી તેની જાણ કરવામાં આવેલી હતી વાદી તરફે જે પોલીસ એકટીવ ન હોવા અંગે કંપનીનો પત્ર આંક-૧૭ થી રજુ રાખેલ છે જેથી વાદીએ પેઈડ સર્વિસ કરાવેલ હતી. ગ્લાસ રીપ્લેસમેન્ટનું બીલ રૂા.૮૧,૯૪૬/- વાદીએ ચુકવી આપેલ હતું. જે બીલ વાદી તરફે આંક-૪૩ થી રજુ રાખેલ છે. આથી વાદી HDFC ERGO GENERAL INSURANCE CO.LTD. માં, BAJAJ ALLIANS GENERAL INSURANCE CO. LTD. તથા FUTURE GENERAL INSURANCE CO. માં તપાસ કરાવતા ઉપરોકત પેરા ૨ માં ક્રમ નં.૫ માં જણાવ્યા અનુસારની પોલીસી એકમાત્ર સાચી પોલીસી છે બાકી કોઈ પોલીસી પ્રતિવાદી દ્રારા લેવાયેલ જ નથી કે પ્રીમીયમની કોઈ રકમ ભરાયેલ જ નથી જે પોલીસી અંગે ઈન્સ્યોરસ કંપનીનો મેઈલ આંક-૪૪ થી રજુ રાખેલ આમ, તમામ ખોટી પોલીસીઓ વાદીને પ્રતિવાદી દ્રારા આપવામાં આવેલી. ઈન્સ્યુરન્સ કંપનીમાંથી આવી કોઈ પોલીસી ઈસ્યુ થયેલ જ નથી. વાદી પોતાની સાથે ભયંકર છેતરપીંડી થયેલ હોવાનું અનુભવવા લાગેલ છે. આમ, પ્રતિવાદી દ્રારા ક્રમ નં.૫ ની પોલીસીની રકમ રૂા.૬૬,૮૦૮/-જ સાચી રીતે મેળવવામાં આવેલ છે. બાકીની રકમ તમામ રકમ રૂા.૩,૮૦,૧૯૨/- ખોટી રીતે વાદી પાસેથી મેળવી લીધેલા હોયને તે રકમ પ્રતિવાદી રીપ્લેસમેન્ટ ની રકમ રૂા.૮૧,૪૯૬/- ચુકવવી પડેલી હોયને પ્રતિવાદી કુલ રૂા.૪,૬૧,૬૮૮/- પરત ચુકવવાને જવાબદાર બનેલા હતાં. વાદીએ પ્રતિવાદીને વાત કરેલી અને રકમ પરત ચુકવી દેવા જણાવેલ. તો પ્રતિવાદી દ્રારા થોડી રકમ ઓછી કરી દેવા જણાવેલુ. છેવટ કુલ રૂા.૪,૫૦,૦૦૦/- માં વાદી અને પ્રતિવાદી વચ્ચે સમાધાન થયેલ અને પ્રતિવાદી એ કટકે કટકે ચેકથી વાદીને રકમ ચુકવી આપશે તેમ જણાવેલુ ત્યારબાદ પ્રતિવાદી તરફથી નીચે મુજબની વીગતેના ચેકો પોતાની બેંક એચ.ડી.એફ.સી. બેંક અમદાવાદ શાખાના ખાતા નંબર ૫૦૧૦૦૫૧૯૪૫૪૫૯૩ માંથી વાદીને આપેલા અને આવા વચન અને વિશ્વાસ આપેલા કે ચેકની તારીખ પછી જયારે પણ વાદી પોતાની બેંકમાં રજુ કરશે ત્યારે તે સ્વીકારય જશે અને આ રીતે કટકે કટરે વાદીને રકમ મળી રહેશે. પ્રતિવાદી એ નીચે મુજબની વીગતે ચેકો લખી વાદીને મોકલી આપેલા જે ચેકો અનુક્રમે આંક -૧૯,૨૧ ,૨૩,૨૫,૨૭,૨૯,૩૧થી રજુ રાખેલ છે. પ્રતિવાદીએ આપેલા વચન અને વિશ્વાસના આઘારે વાદીએ તમામ ચેકો તેઓની બેંક કોટક મહીન્દ્રા બેંક શાપર શાખામાં નાખતા સદરહું તમામ ચેકો FUNDS

INSUFFICIENT ના રીટર્ન મેમા સાથે પરત ફરેલા જે રીટર્મમેમો અનુક્રમે આંક -૨૦, ૨૨, ૨૪, ૨૬,૨૮,૩૦,૩૨ થી રજુ રાખેલ છે.

તેમજ વાદીએ પ્રતિવાદી સામે શાપર પોલીસ સ્ટેશનમાં તા.૧૭/૦૨/૨૦૨૪ ના રોજ પોતાની સાથે વીમા પોલીસી બાબતે છેતરપીંડી થયાની ફરીયાદ કરેલ છે આમ છતાં પ્રતિવાદીએ રકમ ચુકવેલ નથી. પ્રતિવાદી દ્રારા કોઈ પોલીસી લેવાયલ જ નથી અને પ્રીમીચમની રકમના નામે વાદી પાસેથી મોટી રકમો મેળવી લેવામાં આવેલ છે જે પ્રતિવાદીનું કૃત્ય કાયદા વીરુધ્ધનું છે. પ્રતિવાદીએ ચેક આપીને લેણું કબુલ રાખેલ છે તમામ તેકો સ્વીકારાચા વીનાના પરત થચેલા છે વાદી એક સાથે પુરેપુરી રકમ પરત મેળવી લેવા માંગે છે પ્રતિવાદીએ આટલા સમય સુધી રકમ ઓળવી જવાનું કૃત્ય કરેલ છે નોટીસ આપ્યા બાદ રકમ ચુકવવાની કોઈ દરકાર કરેલ નથી. આ દાવાનું કારણ વાદી દ્રારા જુદી જુદી મોટરકારનું ઈન્સ્યોરન્સ પ્રીમીયમ ચુકવવા માટે પ્રતિવાદી ને રકમ ચુકવેલ હોય, જે પૈકી પ્રતિવાદીએ માત્ર એક જ મોટરકારનું પ્રીમીયમ ચુકવેલ હોય, બાકીની તમામ રકમ પોતે ઓળવી ગચેલા હોય, ચેક આપીને લેણું સ્વીકારેલ હોય, તમામ ચેકો સ્વીકારાચા વીનાના પરત ફરેલ હોય, નોટીસ આપવા છતાં પણ રકમ ચુકવેલ ન હોય જે નોટીસ આ કામના પ્રતિવાદીને ધોરણસર બજી ગચેલ છે જે બજી ગયા અંગેનો ઓનલાઈન ટ્રેક રીપોર્ટ રજુ રાખેલ છે સદરહું લીગલ નોટીસ પ્રતિવાદીને ધોરણસર રીતે બજી જવા છતાં આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને ઉપરોકત બાકી રહેતી લેણી રકમ ચુકવા આપવા દરકાર કરેલ નથી. જે જોતાં વાદીની લેણી રકમ રૂા.૪,૬૧,૬૮૮/- બાકી હોવાનું પુરવાર થતુ હોય જે તમામ પુરાવાઓ સામે હાલના કામે પ્રતિવાદીઓએ વાદી કંપનીનુ તેઓ સામે કોઈ લેણુ નથી કે તેઓએ વાદીની બાકી રહેતી લેણી રકમ ચુકવી આપેલ હોય તેવો કોઈ પણ બચાવ પ્રતિવાદી તરફે રેકર્ડ પર આવવા પામેલ નથી આમ, પ્રતિવાદીઓએ હાલની વાદીની લેણી રકમની ચુકવણી વાદીને કરેલ હોય તેવું પ્રતિવાદીઓ દવારા રેકર્ડ પર લાવવા કોઈ પ્રયત્ન કરેલ નથી. આમ વાદીનું સરતપાસનુ સોગંદનામુ તથા ઉપરોકત રજુ થચેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ જોતાં વાદીના બેકના સ્ટેટમેન્ટ જોતા પ્રતિવાદીએ વાદી પાસેથી છેતરપીંડી કરી ખોટી રીતે વીમા પોલીસીના પ્રીમીયમ પેટે રૂા.૩,૮૦,૧૯૨/-મેળવેલ છે. તેમજ પ્રતિવાદી દ્રારા સદરહું પોલીસીના પ્રીમીયમની રકમ ખોટી રીતે મેળવી લીધા બાદ તે પરત કરવા માટે આપેલા ઉપરોકત ચેક પણ પરત ફરેલ છે જેથી હકીકતે પ્રતિવાદી દ્રારા વાદી પાસેથી વીમા પોલીસીના પ્રીમીયમના રૂપિયા મેળવી

પોલીસી ઉતારેલ નથી અને તે રકમ પરત પણ કરેલ નથી અને તેમ કરતાં વાદીને નાણાનું નુકશાન કરાવેલ તથા વાદી કંપની દ્રારા જે મોટરગાડી માટે વીમો ઉતારવા બાબતે પ્રતિવાદીને રૂપિયા આપેલ હતા અને તેમ છતાં પ્રતિવાદી દ્રારા વીમા પોલીસી નહી મેળવી અને વાદીના મોટરગાડીને થયેલ ખર્ચાની રકમ બાબતે પણ વાદીને નુકશાન કરાવેલ છે જેથી તે નુકશાન પણ પ્રતિવાદીની છેતરપીંડી તથા વિશ્વાસઘાતને લીધે વાદી કંપનીને નુકશાન થયેલ હોય અને જો પ્રતિવાદી દ્રારા નીયમ મુજબ વીમા પોલીસી તેમની ગાડીઓ માટે મેળવી આપી હોત તો વાદીને તેમની ગાડીમાં થયેલ નુકશાન રૂા.૮૧,૪૯૬/- માટે કોઈ અંગત જવાબદારી નિભાવવી ન પડત પરંતુ પ્રતિવાદીના ઉપરોકત જણાવેલ કૃત્યને લીધે વાદી કંપનીને તેમની ગાડીઓમાં થયેલ નુકશાનની રૂા.૮૧,૪૯૬/- પણ ભરપાઈ કરવી પડેલ છે તેમ વાદી તરફથી રજુ કરવામાં આવેલ સોગંદનામા તથા મોટરકાર રીપેરીંગના બીલો પરથી જણાય આવે છે જેથી પ્રતિવાદી વાદીને દાવામાં માંગ્યા મુજબની રકમ ચુકવવા જવાબદાર છે તેમ જણાઈ આવે છે જેથી વાદી તરફે આંક-૧૦ વાળું સોગંદનામું ન માનવાને કોઈ કારણ રહેતુ ન હોય, વાદી સદરહું રકમ મેળવવા હકદાર થતાં હોવાનું પુરવાર થતું હોય ત્યારે હાલના દાવાના **મુદ્દા નં.૦૧ તથા મુદ્દા નં. ૦૩ નો જવાબ ''હકારમાં''** આપવામાં આવે છે **તેમજ મુદ્દા નં.(૨) તથા મુદ્દા નં.(૪) બાબતે સ્પષ્ટતા કરવામાં આવે તો** વાદી અને પ્રતિવાદી વચ્ચે વીમાપોલીસી ઉતરાવવા બાબતે વહેવાર થયેલ છે જે બાબતે પ્રતિવાદી દ્રારા વીમા પોલીસી નહી ઉતારી છેતરપીંડી કરેલ છે અને જો વાદી કંપનીને વ્યાજ ન આપવામાં આવે તો વાદી કંપનીને આર્થીક નુકશાન થાય, જેની આડકતરી અસર વાદીને ભોગવવી પડે, પરંતુ હાલનાં કેસમાં વાદીએ દાવાની રકમ વસુલાત થતાં સુધી જે ૧૮% વ્યાજ વસુલ લેવાની માંગણી કરેલ છે, જે વધુ પડતી હોય જેથી વાદીને વાર્ષીક ૬% વ્યાજ વસુલ આપવામાં આવતે ન્યાયી લેખાશે તેવુ મારુ માનવુ છે. આ કામે વાદીએ પોતાની દાવા હકીકતને મહદઅંશે પુરવાર કરેલ હોય ત્યારે ઉપરોકત ચર્ચા મુજબ માંગ્યા મુજબની અંશત: દાદ તેઓને નહી આપવા અંગે કોઈ કારણ નથી. જેથી વાદી સદરહુ રકમ મેળવવા હકદાર થતાં હોવાનુ પુરવાર થતું હોય ત્યારે હાલના દાવાના વાદીએ પોતાની દાવા હકીકતને પુરવાર કરેલ હોય, જેથી મુદ્દા નં. **૦૨ તથા મુદ્દા નં. ૦૪** નો જવાબ **''અંશત: હકાર''**મા ઠરાવી, **મુદ્દા નં.૦૫** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો **''આખરી હુકમ''** ફરમાવવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

૧) વાદીનો હાલનો આ દાવો આથી **અંશતઃ મંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામની વાદી કંપનીને આ કામના પ્રતિવાદી પાસેથી પ્રતિવાદીએ વાદીની પાસેથી ઈન્સ્યોરન્સ પોલીસીના નામે ખોટી રીતે મેળવેલ રકમ રૂા.૩,૮૦,૧૯૨/– તથા ગ્લાસ રીપ્લેસમેન્ટની રકમ રૂા.૮૧,૪૯૬/– મળી કુલ રકમ રૂા.૪,૬૧ ,૬૮૮/–(અંકે રૂપિયા ચાર લાખ એકસઠ હજાર છસ્સો અઠયાસી પુરા) દાવો દાખલ થયા તારીખથી વસુલ થતાં સુધી વાર્ષીક ૬% લેખેના વ્યાજ સહીત પ્રતિવાદી ની હરેક મિલકત તથા જાતથી વસુલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. જે પ્રતિવાદીએ વાદીને ચુકવી આપવા.

૩) વાદી કંપનીનો હાલના દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો અને પ્રતિવાદી એ પોતાનો ખર્ચ પોતે જાતે ભોગવવો.

૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ : ૦૨જી, માહે : મે, સને: ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી –સંભળાવી, જાહેર કર્યો.

કોટડાસાંગાણી **(ઋત્વિજ ફાલ્ગુનભાઈ ત્રિવેદી)**

તા.૦૨/૦૫/૨૦૨૬ પ્રિન્સીપાલ સીવીલ જજ, કોટડાસાંગાણી

**<u>U.I.C. NO. GJ01748</u>**